**<u>ક્રિમીનલ અપીલ નંબર–૫૬/૨૦૧૬</u>**

**<u>આંક–૧ લગત હુકમ:–</u>**

આજરોજ લોકઅદાલતમાં બંને પક્ષકારો તથા તેમના વિ. વ. શ્રીઓ હાજર છે. પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોવાનુ જણાવી તેઓએ આંક ૧૬ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે. અને આંક ૧૬ થી રજુ થયેલ સમાધાનની હકીકતો અને તેમની સહીઓ બંને પક્ષકારો કબુલ રાખે છે. જેથી પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન ગ્રાહ્ય રાખવામાં આવે છે અને એપેલેન્ટ/આરોપી દ્વારા સમાધાનમાં બંને પક્ષકારો વચ્ચે નક્કી થયા મુજબ અત્રેની કોર્ટમાં રીટર્ન થયેલ ચેક અન્વયે જમા કરાવવામાં આવેલ રૂપીયા અંકે એક લાખ પુરાની રકમ રીસ્પોન્ડન્ટ નં ૧/મુળ ફરીયાદીને સમાધાન પેટે આપવામાં આવે તો ટ્રાયલ કોર્ટ દ્વારા એપેલેન્ટ/આરોપીને ફરમાવવામાં આવેલ સજાનો હુકમ રદ કરવામાં આવે તો રીસ્પોન્ડન્ટ નં ૧/મુળ ફરીયાદીને વાંધો નથી તેવી રેકર્ડ ઉપર જાહેરાત કરવામાં આવેલ છે. જેથી આંક ૧૬ અન્વયે થયેલ સમાધાનની રૂએ હાલની અપીલ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. અને ટ્રાયલ કોર્ટ દ્વારા તા. ૨૨/૦૪/૨૦૧૬ના રોજ આરોપીને ફરમાવેલ સજાનો હુકમ આથી રદ કરવામાં આવે છે. અને એપેલેન્ટ/આરોપીએ અત્રેની કોર્ટમાં સમાધાન પેટે જમા કરાવેલ રૂપીયા અંકે રૂપીયા એક લાખની રકમ રીસ્પોન્ડન્ટ નં ૧/ફરીયાદીને આપવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

ઉપરોક્ત હુકમ આજરોજની લોકઅદાલતમાં કર્યો.

સ્થળ–અમદાવાદ.

તારીખ– ૨૨/૦૪/૨૦૧૮

(જી.ડી.પાસી)
પાંચમા એડી. સેશન્સ જજ,
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.